## એ...કે લાલ દરવાજે

(ફિલ્મઃ સંતુ રંગીલી)

એ...કે લાલ દરવાજે તંબુ તોંણીયા રે લોલ (૨)
હે...ઈ અમદાવાદી નગરી, એની ફરતી કોટે કાંગરી (૨)
હે...ઈ માણેકનાથની મઢી, હે ગુર્જરી જોવા હાલી (૨)
કે...વહુ તમે ના જાશો જોવાને, ત્યાં બાદશો બડો મિજાજી.
કે...વહુ તમે ના જાશો જોવાને, ત્યાં બાદશો બડો મિજાજી.
એ કે લાલ દરવાજે.....
હે...ઈ માણેકચોકના માંહી ગુર્જરી જોવા હાલી (૨)
હે...ઈ રાણીના હજીરે ગુર્જરી જોવા હાલી.
કે...વહુ તમે ના જાશો જોવાને, ત્યાં બાદશો બડો મિજાજી.
એ કે લાલ દરવાજે.....
હે...ઈ ત્રણ દરવાજા માંહી, મા બિરાજે ભદરકાળી (૨)
હે...ઈ માડીના મંદિરીયે, હે ગુર્જરી જોવા હાલી.
કે...વહુ તમે ના જાશો જોવાને, ત્યાં બાદશો બડો મિજાજી.
એ કે લાલ દરવાજે.....
હે...ઈ લાલ દરવાજાએ સિદી સૈયદની જાળી (૨)
હે...ઈ કાંકરીયાનું પાણી ગુર્જરી જોવા  હાલી (૨)
કે...વહુ તમે ના જાશો જોવાને, ત્યાં બાદશો બડો મિજાજી.
એ કે લાલ દરવાજે.....